વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૧૨ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : ઑગસ્ટ ૨૨, ૨૦૨૦

# કોરોના મહામારી મધ્યે ઓનલાઈન શિક્ષણ

કોરોના મહામારી વચ્ચે અસંગઠિત ક્ષેત્રના કામદારોના બાળકો 'ઓનલાઈન' ભણતર લેતાં થયાં... ઘરમાં ત્રણ-ચાર બાળકો, એક મોબાઈલ ફોન, કમ્પ્યૂટર-લેપટોપની તો વાત જ ક્યાં? વળી, ઘણા કુટુંબોમાં એક મોબાઈલ ફોન હોય તો તે બાળકોના પિતા પાસે હોય — જે કમાવા ઘરની બહાર જાય... અથવા તો બે મોબાઈલ ફોન હોય એક પિતા પાસે અને બીજા ફોન પર ભણવા માટે ત્રણથી ચાર બાળકો હોય! અને શરૂ થાય ખેંચાખેંચી... આ વાત તો સંસાધનની થઈ... ચાલુ થાય 'નેટ' પકડવાની દોડાદોડી... લાઈટ જાય! 'ઓનલાઈન'માં નિશાળમાં ભણતાં હોય તેમ શિક્ષકની આંખમાં આંખ નાંખીને — એકાગ્રતાથી ના ભણાય.. ચાલીઓમાં શોરબકોર તો હોય જ ને! આવી પરિસ્થિતિ વચ્ચે બાળકો-મા-બાપ ઝઝૂમે છે, જ્યારે બીજી તરફ 'ઓનલાઈન' ટેક્નોલોજી બાળકો શીખી રહ્યા છે જે એક હકારાત્મક વાત છે. હવે વાત કરીએ શિક્ષકોની... એમણે પણ 'ટેક્નોલોજી' અડોપ્ટ કરવી પડે છે... એ પણ જુદા-જુદા 'એપ' દ્વારા બાળકોનો અભ્યાસમાં રસ જળવાઈ રહે તે માટે સતત પ્રયત્ન કરે છે... અનસૂયાના આ અંકમાં શ્રમજીવીના બાળકોનાં 'ઓનલાઈન' ભણતરની કશ્મકશ આલેખી છે. આશા છે આ વાંચીને નીતિ બનાવનારા વિચારે કે આનો ઉપાય શું?

— મનાલી

## ગામગામમાં ઓનલાઈન શિક્ષણ

કોરોના મહામારી વચ્ચે વેકેશન પૂરું કર્યું. નવા સત્રથી શાળા શરૂ થઈ, પરંતુ સામાજિક અંતરને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા ઘેર બેસીને ભણવાનું શરૂ કરવામાં આવ્યું. બાળકો સ્કૂલમાં જવાની રાહ જોતા હતા પરંતુ આ વૈશ્વિક મહામારીએ શાળામાં જઈને શિક્ષણ મેળવવાનું અટકાવ્યું, પરંતુ ભણ્યા વગર કેમ ચાલે તેથી સરકાર, વાલીઓ અને વિદ્યાર્થીઓના સંયુક્ત પ્રયાસથી ઓનલાઈન શિક્ષણનું કામ શરૂ થયું. આ શિક્ષણના અનુભવો ગામડાઓમાં કેવા રહ્યા એ આપણે જાણવા પ્રયાસ કર્યો.

વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં વિદ્યાર્થીને અભ્યાસ માટે શાળામાં આવવાની જરૂર રહેતી નથી. આ સુવિધાથી ઘરેથી અથવા ઈન્ટરનેટ કનેક્શન ધરાવતા અન્ય કોઈ સ્થળેથી ક્લાસમાં જોડાઈ શકાય છે. આ ક્લાસમાં શિક્ષક અને વિદ્યાર્થી ગમે તે જગ્યાએ બેસીને ભણી શકે છે અથવા શીખવી શકે છે. વિદ્યાર્થી કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ટેબલેટ વગેરે જેવા સાધનો પર ઈન્ટરનેટનો ઉપયોગ કરી જોડાઈ શકે છે. ક્લાસનાં ઓડિયો, વીડિયો, પિક્ચરનો ઉપયોગ કરી અધ્યયન કરી શકાય. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે, ત્યારે વર્ચ્યુઅલ ક્લાસરૂમ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહયો છે. માઈક્રોસોફ્ટ ટીમ્સ જેવી એપ્સની અંદર સ્ક્રીન શેરીંગ, વ્હાઈટ બોર્ડ, વીડિયો શેરીંગ જેવા ઘણા ટુલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં શિક્ષણ મેળવતા હોય તેવી અનુભૂતિ થાય છે. ઈન્સ્ટન્ટ મેસેજ તથા હેન્ડ રેઈઝ/હાથ ઊંચા કરવા જેવી સુવિધાના કારણે વિદ્યાર્થીઓ પોતાની વાત રજૂ કરી શકે છે.

અસાઈનમેન્ટ, નાની-નાની એકમ કસોટીઓનું તાત્કાલિક આયોજન કરવા માટે ખૂબ જ સુંદર સુવિધા આપવામાં આવી છે. માથાસુરગામની પ્રાથમિક શાળાના શિક્ષક મનોજભાઈ વધુમાં જણાવતા કહે છે કે, કોરોના મહામારીના કારણે શરૂ થયેલી વર્ચ્યુઅલ

શિક્ષણમાં તક ઝડપી તાલુકાના 100થી વધુ શિક્ષકો સાથે મળીને તાલુકા ગ્રુપમાં ઓનલાઇન ક્લાસમાં પડતી મુશ્કેલીઓની અમે ચર્ચા કરી. 25 જેટલા શિક્ષકોને વ્યક્તિગત રીતે તેમાં માઈક્રોસોફ્ટ ટીમ એપ્સની સમજ આપી. શાળા તથા સી.આર.સી. તાલુકાના શિક્ષકોને એપ્સ વિશે મૂંઝવણ હોય તો સતત માર્ગદર્શન આપી રહ્યા છે. શાળાના બાળકોને એપ્સ ઇન્સ્ટોલ કરવામાં મુશ્કેલી પડતી હોય તો ઘેર-ઘેર જઈને મોબાઇલમાં ઇન્સ્ટોલ કરી માર્ગદર્શન આપ્યું છે. શાળાના એક્ટિવ બાળકોનું ગ્રુપ બનાવી બીજા બાળકોને એપ્સ ઇન્સ્ટોલ કરી મદદ કરવા કહે છે. શાળાના શિક્ષકો સાથે મળી બાળકોને અનુકૂળ સમયે ક્લાસ ચલાવવા આયોજન કર્યું છે. બજારમાંથી સ્વખર્ચે મોબાઇલ-સ્ટેન્ડ વસાવ્યું છે. તેઓ 3થી 5 ભણાવે છે, છતાં તેમણે ઘરે બેસીને મનોજભાઈ પાસે શીખો (Home learning with Manojbhai) નામની ટીમ બનાવી ધોરણ 3થી 8ના 60 બાળકોને અંગ્રેજી કેવી રીત સરળતાથી શીખવું? (How to learning English Easily ?) કોન્સેપ્ટ સાથે પોતાના લેપટોપથી દરરોજ 50 મિનિટ ક્લાસ લે છે. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને યુટ્યૂબના માધ્યમથી સતત બાળકો અને શિક્ષકોને નવીનતા સભર માહિતી આપવા પ્રયાસ કરે છે.

માથાસુર પ્રાથમિક શાળામાં 360 જેટલા બાળકો છે. જેમાં, ધોરણ 1-2ના 110 જેટલાં બાળકો છે. જેમણે શિક્ષકો દ્વારા રૂબરૂ સંપર્કથી 'ઘરે શીખવીએ' પુસ્તક દ્વારા 'હોમ લર્નિંગ' કરાવવામાં આવે છે. ધોરણ 3થી 8ના 250 જેટલાં બાળકોમાંથી અંદાજે 100 જેટલા વાલીઓ પાસે મોબાઇલની સગવડ છે. જેમાં 70 જેટલા બાળકો એન્ડ્રોઇડ મોબાઇલ અને ઇન્ટરનેટ ધરાવે છે તેવા બાળકોને વર્ચ્યુઅલ ક્લાસમાં જોડવામાં આવ્યા, જેમાં 50 જેટલા બાળકો ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાય છે.

આ ઉપરાંત સરકાર દ્વારા દરરોજ ટીવી પર ડીડી ગિરનાર ચેનલ પર 'હોમ લર્નિંગ' અંતર્ગત શિક્ષણ આપવામાં આવે છે. શાળાના 100થી વધુ બાળકો ટીવીના માધ્યમથી શીખે છે. ધોરણ 3થી 8માં એકમ કસોટી અને 'ઘરે શીખીએ' નામની અધ્યયન સામગ્રી આપવામાં આવી છે. આ ઉપરાંત દરેક બાળકોને ફોન દ્વારા, વોટ્સએપ દ્વારા કે યુટ્યુબ લિંક દ્વારા સતત ભણાવવાના પ્રયાસો શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

'હું રાજ, ગામ ધનાલી-નંદાસણની શ્રી કે.એન.પ્રાથમિક શાળામાં ધોરણ 7માં ભણુ છું. કોવિડ-19 અંર્તગત સ્કૂલો, કૉલેજ બંધ હોવાથી બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી છે. હા, ઓનલાઇન અભ્યાસના કારણે બાળકોને થોડું રિવિઝન પણ થઈ જાય છે અને આના દ્વારા બાળકોને ઘણું શીખવા મળ્યું છે જેમ કે, ઝૂમ, ગુગલ-મીટ જેવી એપ્લિકેશન ન વાપરતા આવડ્યું. અત્યારે જાતે લિંક ઓપન કરીને ઓનલાઇન ભણી શકે છે. આનાથી બાળક ઘરે બેઠા ભણી શકે છે. તેમનો અભ્યાસ બગડતો નથી અને એમનું જ્ઞાન વધ્યું છે. પણ સાથે-સાથે એના ગેરફાયદા પણ છે. ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થાય પણ નેટવર્કના કારણે તેમને ઘણી તકલીફો પડે છે. એમને ભણતા વચ્ચે-વચ્ચે નેટવર્ક ડાઉન થતાં અમુક ટોપિક છૂટી જાય છે. એનાથી એમને ઘણી તકલીફ પડે છે. પણ શું કરે આવા કપરા સમયના કારણે એક રીતે જોતા તો ઓનલાઇન સારું છે એના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે.

રાજના વાલી મંજુલાબેન ખેતી અને પશુપાલન કરે છે તેઓ કહે, 'બાળકો મોબાઇલ દ્વારા ભણતા હોવાથી મને ઘણી મુશ્કેલીઓ પડે છે. અમારે કામમાં પણ તકલીફ પડે છે. ઘરમાં એક મોબાઇલ હોય, કામ પર જવાનું હોય અને બાળકોને એ જ સમયે ભણવાનું હોય તો મુશ્કેલી ઊભી થાય છે. ઓનલાઇન અભ્યાસમાં નેટ ના હોવાના કારણે ઘણું બધું વચ્ચે છૂટી પણ જાય છે. અત્યારે ઓનલાઇન લેક્ચર પણ બંધ કર્યા છે. બાળકો અને વાલીઓને પણ તકલીફ પડે છે.'

ઋત્વી અને ક્રિયાંસના વાલી સેવામાં મળવા આવ્યા અને આ ઓનલાઇન શિક્ષણની વાતો ચાલતી હતી તેમાં પોતાની વાત કહેવા લાગ્યા. આ પહેલાં ક્યારેય એવું વિચાર્યુ ન હતું કે ભણતર પણ ફોનથી ભણવું પડશે! ઓનલાઇન શિક્ષણ - આ શબ્દ અમારા માટે જ નહીં પણ, સ્કૂલમાં ભણતા દરેક બાળકો, શિક્ષણગણ અને વાલીઓ માટે અજ્ઞાત હતો. ઓનલાઇન શિક્ષણ માટે સૌથી પહેલો પ્રશ્ન એ હતો કે, શું બધા બાળકો પાસે મોબાઇલ હોય? જે વળી ગામડામાં રહે છે અને પૂરતું શિક્ષણ મેળવેલ નથી, તે આવું શિક્ષણ લેવા તૈયાર હોય? પણ, કહેવાય છે કે પરિસ્થિતિ માણસને બધું શીખવાડી દે છે. તો આજના આ મહામારીના સમયમાં દરેક બાળકો, શિક્ષકો અને વાલીઓએ આ ઓનલાઇન શિક્ષણના અભિયાનને સહર્ષ વધાવ્યું છે.

હવે આ ઓનલાઇન શિક્ષણમાં મારા બે બાળકો ઋત્વી અને ક્રિયાંસના અનુભવ વિશે વાત કરું તો ઓનલાઇન શિક્ષણની જ્યારે શરૂઆત થઈ ત્યારે બન્ને બાળકોના મોઢે એક જ વાત, 'પપ્પા આવી રીતે ભણવાની મજા નથી આવતી.' પરંતુ જેમજેમ દિવસો ગયા અને દરરોજ અલગ-અલગ વિષયના ક્લાસ ભર્યા પછી બાળકો રાહ જુએ છે ક્યારે ક્લાસમાં જોઇન થઈએ. ખરેખર ઓનલાઇન શિક્ષણમાં બાળકો શિક્ષકનો અવાજ સાંભળીને સ્ક્રીન શેરીંગ દ્વારા અને વીડિયો દ્વારા ભણી જ શકે છે. તેનાથી તેઓ ખૂબ સારી રીતે સમજી શકે છે. આ વ્યવસ્થા ઘણી ઉપયોગી અને શિક્ષણ માટે અસરકારક છે.

મારું નામ મીનાબેન છે. ગામ કલોલની શાંતિનિકેતન વિદ્યાવિહારમાં મારી દીકરી ધારા ધોરણ-9માં અભ્યાસ કરે છે. હાલના ઓનલાઇન શિક્ષણ બાબતે કહું તો,

આમ જોઈએ તો બાળકોને મોબાઇલ તો ખૂબ પ્રિય છે. તેથી મોબાઇલ લઈને બેસવું તો ગમે જ છે. પણ, તેમાં સ્કૂલ જેવી ભણવાની મજા નથી આવતી. જો કદાચ ના આવડે તો બીજી વાર પૂછાતું નથી. ઘણીવાર સાંભળવામાં તકલીફ પડે છે. નેટવર્ક

ના હોય તો પણ તકલીફ પડે છે. નેટવર્કના કારણે જે સ્પષ્ટ સંભળાવું જોઈએ તે સંભળાતું નથી. બધા જ વિષયોમાં ખાલી ભાષા જરૂરી નથી. તેમાં બોર્ડ પર જ વધારે પડતું લખાણ જોવાથી પણ વિદ્યાર્થીઓને મજા આવતી નથી. વાતાવરણના કારણે લાઇટો ના હોય અને મોબાઇલ ચાર્જ ના હોય તોપણ તકલીફ પડે છે. અત્યારે પરિસ્થિતિ પ્રમાણે ટેક્નોલૉજીનો ઉપયોગ જરૂરી છે. પરંતુ સ્કૂલમાં મળવું જોઈએ તેવું શિક્ષણ મળતું નથી. સ્કૂલ જેવી મજા અવતી નથી.

'મારું નામ જૈનિકબેન છે. કલોલ ગામની સાર્વજનિક વિદ્યાલયમાં મારી દીકરી ભણે છે. હાલના સંજોગોમાં જોઈએ તો ટેક્નોલાજી ખૂબ જરૂરી છે, પરંતુ બાળકો સ્કૂલની જેમ ભણી શકતા નથી. વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચેનો જે આત્મિયતાનો સંબંધ હોય તે જળવાતો નથી. બધા જ પરિવારોમાં મોબાઇલની સગવડ હોતી નથી. કદાચ મોબાઇલ હોય, પણ એક મોબાઇલ ને બાળકો ત્રણ હોય તો પણ તકલીફ પડે છે. ઇન્ટરનેટના પૈસા પણ વધારે પડે છે. બાળકો મોબાઇલ ચાલુ કરીને બેસે છે, પણ જે ધ્યાન આપવું જોઈએ તે અપાતું નથી. તે પોતાની બીજી પ્રવૃતિઓમાં જ મસ્ત હોય છે કારણ કે, સ્કૂલમાં તો શિક્ષકનો ડર હોય છે અને ઓનલાઇનમાં તો શિક્ષક જ દેખાતા નથી. અને અત્યારે જોઈએ તો આ મહામારીમાં લોકોને ખાવાના ફાંફા થઈ પડ્યા છે તેવા પરિવારો ભણવા માટે મોબાઇલ ક્યાંથી લાવશે? ખરેખર તો આ ઓનલાઇન શિક્ષણ ખૂબ જ અઘરું છે.

## દિવ્યાંગ વિદ્યાર્થી માટે ઓનલાઇન શિક્ષણ આશીર્વાદરૂપ

મારું નામ પાર્થ દિપકભાઈ રાઠોડ છે. હું 11માં ધોરણમાં ભણું છું. ગામ કલોલ, મારી શાળાનું નામ વખારિયા છે. અત્યારે કોરોના મહામારીમાં અભ્યાસ કરવા સ્કૂલમાં જઈ શકતા નથી. ઓનલાઇન શિક્ષણ મારા માટે સારું થયું કારણ કે, પગેથી દિવ્યાંગ છું તો સ્કૂલમાં આવવા જવાની તકલીફ પડતી હતી. અત્યારે ઓનલાઇન ભણવામાં મને બહુ સરળ પડે છે. ભણવાનું ગમે છે. મારા પપ્પા મારા માટે હપ્તેથી ફોન લાવ્યા છે. હું તેમાં દરરોજ ભણું છું. ઘણો સમય બચી જાય છે. વોટ્સએપ ટેક્નોલૉજી વાપરતા આવડી ગયું.

મમ્મીનું નામ પાર્વતીબેન.

'મારા મતે ઓનલાઇન ભણવાનું સારું છે કારણ કે, મારો દીકરો દિવ્યાંગ છે તેને આવવા જવાની તકલીફ પડતી હતી તેનાથી રાહત થઈ છે. હું ઘરકામ કરવા જાઉં છું ને તેમાંથી મારા દીકરાને ભણાવું છું.બાળકો ભણીગણીને આગળ વધે અને સારી નોકરી મેળવે તેવી મારી આશા છે.'

## પ્રયાસો અનેક પણ શિક્ષણ...

આણંદ જિલ્લાના સેવા સંગઠનના સભ્ય એવા રેગીનાબેનની દીકરી અનિતાએ એમ.એ., બી.એડ્ કર્યું છે. રેગીનાબેન વણાટનું કામ કરે છે અને તેમની દીકરીને પણ વણાટકામ આવડે છે. ચાર પાવડી આઠ પાવડી ભણતા-ભણતા આ કામ કરતી હતી.

અનિતા હાલમાં સિહોલ ગામના ખોડિયાર વિસ્તારમાં શિક્ષકનું કામ કરી રહી છે. તેને લૉકડાઉન દરમિયાન ઓનલાઇન શિક્ષણની વાત કરતાં જણાવ્યું કે, હું ભાષાની શિક્ષક છું. મારી પાસે 40 બાળકો ભણે છે. ધોરણ 6થી 8ના બાળકોને ઓનલાઇન શિક્ષણના કાર્યમાં મારો અનુભવ છે કે, અમે જે વિદ્યાર્થીનાં ઘરમાં સ્માર્ટફોન હોય તેમનું ગ્રુપ બનાવ્યું અને આ ગ્રુપમાં હું લિંક મોકલું છું. આ લિંક મોકલું તો કેટલાંક બાળકો ભણે છે. પરંતુ 40 બાળકોમાંથી 12 બાળકોના વાલી પાસે સ્માર્ટફોન છે અને કેટલાંક વાલી પાસે સાદો ફોન હોય છે. વળી, ઘણા વાલી ઘરની બહાર ખેતરોમાં કામ કરવા ગયા હોય તો ફોનનો ઉપયોગ કરી શકતા નથી. પરિણામે બધા બાળકો સુધી ઓનલાઇન શિક્ષણ પહોંચતુ નથી. તેથી હું ઘરેઘરે જઈ વાલી તથા બાળકોનો સંપર્ક કરી લેસન આપું છું. બીજું કે દૂરદર્શન ડીડી ગિરનાર દ્વારા સમયપત્રક પ્રમાણે અભ્યાસક્રમનું પ્રસારણ થાય છે. પણ આ ગામમાં બધા પાસે ટીવી પણ નથી તેથી ભણતરથી બાળકો વંચિત રહી જાય છે. વળી, આર્થિક સંકડામણના કારણે વાલીઓ ફોન રિચાર્જ પણ કરાવતા નથી. તેથી ઓનલાઇન શિક્ષણના પ્રયાસો પૂરતા અસરકારક બનતા નથી.

## વર્ગખંડમાં શિક્ષણ સારું

રાજપુર ગામના શિક્ષિકા વિણાબેન, 'હું ધોરણ 6થી 8ના બાળકોને શિક્ષણ આપી રહી છું. ખાસ જણાવું તો હાલ ચાલી રહેલ કોવિડ-19ની પરિસ્થિતિમાં ઓનલાઇન શિક્ષણ આપવામાં થોડી મુશ્કેલી અનુભવી રહી છું. જેમાં અઘરું એ લાગે છે કે, બાળકોના વાલી જે ખેતીની પ્રવૃતિ સાથે જોડાયેલા હોય દિવસ દરમિયાનની કામગીરીના કારણે આ બાળકો પાસે સ્માર્ટફોનના અભાવે ઓનલાઇન શિક્ષણ માટેનું સંકલન થઈ શકતું નથી. બીજો એક મહત્ત્વનો પ્રશ્ન વાલીઓની નાણાંકીય અસુવિધાના કારણે સ્માર્ટફોન તથા ઇન્ટરનેટનો અભાવ છે. સાથે ગામમાં નેટવર્કની મુશ્કેલીના કારણે ક્યારેક વિદ્યાર્થીને ઘરેઘરે જઇને સમજાવવું પડે છે.

ધોરણ-1 ના નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના પુરાવા- આધારકાર્ડ, જન્મનો દાખલો મેળવવા ઘરેઘરે જવું પડે, પાઠ્ય-પુસ્તકો આપેલ હોય વિદ્યાર્થીઓને એ પ્રમાણેનું વાંચન-લેખન ચાલે છે કે નહીં એ જાણવા ઘરેઘરે વિદ્યાર્થીઓની મુલાકાત લેવી પડે. બધા બાળકોના ઓનલાઇન શિક્ષણ અંગેના આંકડા માહિતી ઓનલાઇન જમા કરવા પડે. આજની આ પરિસ્થિતિમાં એક શિક્ષક તરીકેનો મારો અનુભવ થોડી મુશ્કેલી સાથેનો રહ્યો છે.

## મારો અભ્યાસ ચાલુ છે

મારું નામ તન્વીકા છે. હું ધો-8માં ભણું છું. ગામ-ધોલપુર, જિ. છોટાઉદેપુર છે. કોવિડ-19ના કારણે શાળાઓ બંધ છે. મારી

જોડે સ્માર્ટફોન નથી. તેથી હું ડીડી ગિરનાર પર જોઈને ભણું છું. અત્યારે દાદા-દાદી જોડે રહું છું. પપ્પા-મમ્મી બહારગામ રહે છે અને એમની જોડે ફોન છે. એમના ફોન પર જે વોટ્સએપ પર મેસેજ આવે તે મને ફોન કરી કહે છે. અમારે ગુજરાતી, ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન વિષયો દરરોજ ભણવાના આવે છે અને સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન મહિને એક વાર અથવા 15 દિવસે એક જ વાર આવે છે, તો એ વિષયોમાં મને તકલીફ પડે છે. મને બીજી એ તકલીફ પડે છે લેસન કરવાનું અને દાખલા ગણવાના હોય ત્યારે. સંદીપસર અમને જે ડીડી ગિરનાર ચેનલ પર આવતા વિષયો અને સમય વિષે બધાને વોટ્સએપ કરે છે અને અમારે બધાને ફોન કરીને પૂછવાનું હોય છે. આ ઓનલાઇન ભણવાનું છે તેમાં તકલીફ પડે છે.

'મારું નામ હિરલ છે. હું ધોરણ 12માં અભ્યાસ કરું છું. મારું ગામ વણીયાદી, જિ. છોટાઉદેપુર છે. મારી સ્કૂલનું નામ શેઠ એસ.એસ. શિસેલાવાળા છે. હાલના કોરોના મહામારીના કારણે સ્કૂલો બંધ છે. તો અમારે અભ્યાસમાં ખૂબ મુશ્કેલી પડે છે. હાલ અમારે મોબાઇલ પણ નથી તો હું બેનના મોબાઇલનો ઉપયોગ કરું છું. ગામમાં નેટવર્કનો પણ અભાવ છે, જેથી ખૂબ મુશ્કેલી પડે છે. મોબાઇલમાં અભ્યાસ માટે અમારી સ્કૂલમાંથી ગ્રુપ બનાવ્યું છે તો તેમાં ઓડિયો, વીડિયો અને પાઠ્ય-પુસ્તકમાંથી પ્રશ્નો પણ મોકલે છે અને ઘરે બેઠાબેઠા ટેસ્ટ લખી સ્કૂલમાં જમાં કરાવવાના હોય છે. પહેલાંના શિક્ષણ અને અત્યારના શિક્ષણમાં ખૂબ ફેર પડે છે. પહેલાં સ્કૂલમાં જઈને અભ્યાસ કરતા એટલે અમને ખબર ના પડે તો અમે સર કે મેડમને પૂછી લેતાં અને તેઓ ફરીથી સમજાવતા. હાલના શિક્ષણમાં અમને ખૂબ તકલીફ પડે છે કારણ કે, ગામમાં નેટવર્ક નથી આવતું. હાલ અમારી પરિસ્થિતિ સારી નથી. અમારી પાસે મોબાઇલ પણ નથી એ ખૂબ ખર્ચાળ છે. મોબાઇલમાં અભ્યાસ કરતાં અમારી આંખો ખૂબ જ દુઃખે છે.'

આણંદ જિલ્લાના રાસનોલ ગામના શિક્ષિકાબેન ઓનલાઇન ભણાવવાના અનુભવ જણાવતા કહે છે કે, વર્ગના કુલ 23 બાળકો છે તેમાંથી 7 બાળકો જ ઓનલાઇન ભણે છે. જે બાળકો પાસે મોબાઇલ ફોન હોય તેમાં નેટ હોય તો જ ઓનલાઇન ભણી શકે. જે બાળકો ભણી શકતા નથી, તેમને ઘેર જઈને સિલેબસ પ્રમાણે ભણાવીએ છીએ. એ રીતે તેમની મુલાકાત પણ લઈએ છીએ. કેમ કે ઓનલાઇનમાં પ્રશ્નોતરી હોતી નથી. વાલી પાસે નેટ કરાવવાના પૈસા હોતા નથી, તેમજ એન્ડ્રોઇડ ફોન લાવવાના પણ પૈસા નથી હોતા.

ઓનલાઇન ભણાવે ત્યારે વાલીએ સાથે બેસવું પડે છે અને સમજાવવું પડે છે, કારણ કે ઘણી વખત ઓનલાઇનમાં બાળકોને પ્રશ્નો પૂછવા હોય પણ પૂછી શકતા નથી તેથી વાલીઓએ નોટમાં લખીને ફરીથી સમજાવવું પડે છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનું ભૂતેશ્વરી ગામમાં 1થી 7 ધોરણની નિશાળ છે. ત્યાં ઓનલાઇન શિક્ષણની વ્યવસ્થા માટે સાહેબ પોતે બાળકોના વાલીને જેમાં માતાને ખાસ પૂછે છે અને વારંવાર ફોન કરે છે. પણ, પરા વિસ્તારના છેવાડાના ગામના શિક્ષક મહેન્દ્રભાઈ ઓનલાઇન શિક્ષણ બાબતે બહુ સક્રિય ફાળો આપે છે.

દહેગામ તાલુકાનું સામેત્રીગામની નવોદય સ્કૂલમાં 1થી 12 ધોરણ ચાલે છે. માસ્ટર ટ્રેનર સોનલબેનના 3 બાળકો ભણે છે. ઘરમાં ફોન એક જ છે. એમના છોકરા જે આ ટેક્નિકલ શિક્ષણમાં માત્ર 50% જ ધ્યાન આપે છે કેમ કે, ઘણી વાર બાળકો ગેમ રમવા બેસી જાય, વીડિયો ચાલુ કરે, છોકરી ફળિયામાં બીજાના ઘરે જાય છે. એવું પણ બને કે જેનો મોબાઇલ હોય એ પૂરતો સમય ના બેસવા દે.

સ્કૂલના સાહેબ પૂરતું ધ્યાન આપતા પણ આમાં માબાપ કેવી રીતે આપે? મા કામે જાય, બાપ ખેતરે કામે જાય. આ શિક્ષણ ફાયદાકારક તો ન જ કહેવાય. 100 બાળકો એ 40 બાળકો ભણી શક્યા. એ સારું પણ અને નરસું પણ.

દહેગામ તાલુકાનું લવાડ પાટીયાનું પરુ- રમીબેનને 7 બાળકો છે. 4 દીકરીઓ 7 ધોરણ સુધી ભણી. પછી આગળનું શિક્ષણ અટક્યું. 3 દીકરાઓ કોવિડ-19માં ઓનલાઇન શિક્ષણથી વંચિત રહ્યા છે. કેમ કે, રમીબેનના ઘરમાં સ્માર્ટફોન નથી. આવા અનુભવના આધારે તેઓ બોલ્યા કે હવે હપ્તેથી સ્માર્ટફોન લેવો જ પડશે. ઓનલાઇન શિક્ષણની વાત કરતાં વાલી કહે છે, કે બાળકો ફોન સાથે રાખીને ભણે છે, ત્યારે એક ચિંતા થાય છે કે બાળકને મગજમાં ઊતરે છે કે કેમ?

કોઠી બારડોલી ગામના રોશનબેન; એમને બે બાળકો છે. તેઓ કહે છે કે, મારા બાળકો એવી રીતે ભણે છે કે હું બહાર કામ કરવા જાઉં ત્યારે ફોન ઘરે હોય. બાળકો શું ભણે છે તે મને શી ખબર? મારો દીકરો ભણે છે કે ગેમ રમે છે કે વીડિયો જોવે છે? મારી છોકરીને તો ભણવાનું જ નથી મળતું કેમ કે છોકરો ફોન નથી આપતો.

ગામમાં અડધા લોકો પાસે ફોન નથી. ગામની નિશાળના સાહેબે 1થી 8 ધોરણનું ગ્રુપ બનાવ્યું. જે છોકરાઓ શિક્ષણનો લાભ લઈ શકતા નહોતા તેમને તેઓ આવી પૂછતાં કે છોકરાઓએ શું કર્યું? રોજેરોજ અભ્યાસ માટે પૂછતા.

**છોટા ઉદેપુર**ના આશિષભાઈ પોતાના અનુભવમાં જણાવે છે કે, લૉકડાઉનના સમયમાં અચાનક આવું બનતા આખી કામ કરવાની પદ્ધતિ બદલાઈ ગઈ, કાંઈ ખબર ના પડી કે, બાળકોને એજ્યુકેશન કેવી રીતે આપવું? સ્કૂલો બંધ થઈ ગઈ. ઘણા બધા વિકલ્પો પૈકી એક વિચાર આવ્યો, ઓનલાઇન એજ્યુકેશન દરેક બાળકો સુધી પહોંચાડવા માટે વાલીઓને માહિતગાર કરી સમજાવવા કે આ સમય દરમિયાન એવા વાલીઓની મુશ્કેલીઓ સામે આવી કે એમની પાસે સ્માર્ટફોન ન હતા. વાલીઓને સમજાવવા કે આ કપરા સમયની અંદર ઓનલાઇન એજ્યુકેશન જ એકમાત્ર ઉપાય છે. જે બાળકોને શિક્ષણમાં જોડી રાખે. લૉકડાઉનના એક મહિના બાદ જ ઝૂમ એપ્લિકેશન અને

માઈક્રોસોફ્ટ એપ્લિકેશન પર ઓનલાઇન શિક્ષણનો પ્રારંભ કર્યો. શરૂઆતના તબક્કામાં અંદાજીત 5% વિદ્યાર્થી-વાલીઓનો સપોર્ટ મળ્યો. ધીમે-ધીમે જાગૃતતા ફેલાય તે માટે વોટ્સએપ ગ્રુપ બનાવ્યા ને દરેકને ગ્રુપમાં જોડવાનો પ્રયત્ન કર્યો. ત્યારબાદના સમયમાં ધીમેધીમે અત્યારની પરિસ્થિતિ જોતાં, વાલીઓની વધારે જાગૃતતા જોતાં અત્યારે 45થી 50% જેટલા બાળકો સુધી ઓનલાઇન એજ્યુકેશન પહોંચ્યું છે.

ઓનલાઇન એજ્યુકેશનથી શિક્ષણ પૂરું પાડવાથી બાળકો-વાલીઓ સંતુષ્ઠ નથી કારણ કે, બાળક ક્લાસમાં બેસીને ભણે અને ઓનલાઇન ભણે તેમાં ઘણો મોટો તફાવત છે. મારા અનુભવ પ્રમાણે ઓફ-લાઇન એજ્યુકેશન જ ઉત્તમ છે. કારણ કે, ઓનલાઇનમાં નેટવર્ક પ્રોબ્લેમ, ચાર્જિંગ કનેક્શન, બાળકોના ઘરમાં જગ્યાનો અભાવ, બધાં જ બાળકો પાસે મોબાઇલની સુવિધાનો અભાવ, વાલીઓ પાસે મોબાઇલની અસગવડતા, વાલીઓના એકથી વધારે બાળકો હોય તો બધા જ પ્રકારની સુવિધાનો અભાવ મળ્યો. જેના કારણે વધુ બાળકો સુધી ના પહોંચી શકાયું. સીલેબસ આયોજન પ્રમાણે આ બધા કારણોને લઈને પૂરો ના કરી શક્યા. ઝૂમ એપ્લિકેશનમાં સમય મર્યાદા સ્કૂલમાં બાંધેલી છે કે 40 મિનિટમાં ભણાવવું, જેમાં સમય ઓછો પડ્યો. સ્કૂલમાં પહેલાં દર અઠવાડિયે ટેસ્ટ લેવાતી હતી, ઓનલાઇનમાં ટેસ્ટ ના લઈ શક્યા, જેથી બાળકો ભણવામાં પાછળ રહે છે. જ્યારે શિક્ષક ઓનલાઇન ભણાવતા હોય પણ બાળક શું કરી રહ્યો છે તે ખબર ના પડે. બાળકો જલ્દી જવાબ પણ ના આપે. સમય કરતાં વધારે મોડા જોડાય, વાલીઓને પણ બાળકો પાછળ સમય જાય, એમની સાથે બેસવું પડે છે, બાળકોના પ્રશ્નો ઓનલાઇન હલ ના કરી શકાય અને પોતાને ઘરે જ બેસીને ભણાવવું પડે, એ બોર્ડ પર ભણાવવા કરતાં સારો અનુભવ ના થયો. આપણે જે બાળકને રૂબરૂ ભણાવીએ એ બાળકને મગજમાં ઊતરી જાય છે. મેં ઓનલાઇન ભણાવવા માટે વાયરલેસ ઇયરફોન અને ફોનનું સ્ટેન્ડ વસાવ્યું. સ્ટેન્ડથી બાળકોને સ્પષ્ટ દેખાઈ શકે છે. જ્યારે મોબાઇલથી હલચલ થાય એટલા માટે.

મારું નામ ભાવના છે. હું ચોરંગલા ગામ, છોટા ઉદેપુરની રહેવાસી છું. મારે બે બાળકો છે જેઓ 7માં ધોરણમાં ભણે છે. કોરોના મહામારીમાં શિક્ષણ અધવચ થઈ ગયું છે એના વિષે થોડું કહેવા માંગુ છું. બાળકોને ભણાવવા મુશ્કેલ પડે છે. મારી પાસે એક જ સ્માર્ટ ફોન છે અને બે બાળકોને ભણાવવાના. તો હું એક સાથે બે બાળકોને ઓનલાઇન કેવી રીતે ભણાવી શકું? બીજી મુશ્કેલી એ કે હાલ હું બીજો મોબાઇલ ખરીદી શકું તેવી પરિસ્થિતિ નથી. જેમાં એક બાળક ભણી શકે છે અને બીજાનું ભણવાનું અધૂરું રહી જાય છે. આવી રીતે એક-બે મહિના સુધી તો ચાલ્યું, પણ પછી આ પરિસ્થિતિ લાંબા સમય સુધી કેમની ચાલે? હું એક બાળકને પૂરતું શિક્ષણ આપું અને બીજા બાળકનું અધૂરું રહે એટલે મને ખૂબ દુ:ખ થતું હતું પણ પછી એક મહિનામાં 5000 રૂપિયામાં ફોન લીધો. અને પછી બીજા બાળકને પણ ઓનલાઇનમાં ભણાવ્યું.

તેમનું બાળક પૃથ્વી કહે છે કે ઓનલાઇન શિક્ષણમાં ભણવામાં ઘણી તકલીફ પડે છે. સમયસર નેટવર્ક નથી પકડાતું, જ્યારે નેટવર્ક આવે ત્યારે બીજા બાળકો જોડાતા વાર લાગે તેથી પૂરતું શિક્ષણ મળતું નથી. કોઈ પ્રશ્ન ખબર પડે તો તેનો જવાબ પૂછવામાં તકલીફ પડે, અને 100 જેટલા બાળકો એક સાથે જોડાયેલા હોય એટલે ભણવામાં અવરોધ આવે છે. સુરેન્દ્રનગર જિલ્લાના બાવળી ગામની એક બાળકી ધ્રુવી જે 7માં ધોરણમાં અભ્યાસ કરે છે, તેનો ઓનલાઇન ભણવાનો અનુભવ જાણ્યો તે કહે છે કે, કોરોના વાયરસને લીધે જે ઓનલાઇન ભણવાનું આવે છે તેમા મજા આવતી નથી. ઓનલાઇનમાં જે વીડિયો આવે તે જોવામાં તકલીફ પડે છે અને જોઈએ તેવી સમજ નથી પડતી.

**સંકલન : ભારતી ભાવસાર**

❑

# શહેરી વિસ્તારોમાં ઓનલાઈન શિક્ષણ

**કાપડિયા કરિના દિનેશભાઈ**
**વિનય મંદિર, ગુજરાત વિદ્યાપીઠ**

'પહેલાં તો આ મહામારીની ભયંકર પરિસ્થિતિમાં મારાં જેવાં વિદ્યાર્થીઓ કે જેઓ 11 સાયન્સમાં અભ્યાસ કરતાં હોય તો તેમનો અભ્યાસ ના બગડે તે માટે આ ઓનલાઇન અભ્યાસની સુવિધા ખૂબ જ સારી ગણાય છે. ઓનલાઇન ભણવું મને ખૂબ જ ગમે છે. કારણ કે ઓનલાઇન શિક્ષણના માધ્યમથી મારો અભ્યાસ બગડતો નથી. આ ઓનલાઇન શિક્ષણના ઘણાં બધાં ફાયદાઓ પણ છે. જેવા કે, અત્યારે આ મહામારીના સમયગાળા દરમિયાન અભ્યાસ બગડતો નથી. ઓનલાઇન શિક્ષણના માધ્યમથી મારા જેવા વિદ્યાર્થીઓમાં ભણવાનો ઉત્સાહ જાગે છે. આ માધ્યમ દ્વારા અમે ઘરે બેઠા કોઈ પણ ડર વગર પરીક્ષાઓ આપી શકીએ છીએ, જેથી ઓનલાઇન શિક્ષણનાં ફાયદા છે, પરંતુ તેનાથી નુકસાન પણ થાય છે. ઓનલાઇન શિક્ષણ એ મોબાઇલમાંથી ભણવાનું હોવાથી એકધારું બેથી ત્રણ કલાકનાં લેકચર જોઇન કરવાથી આંખોને અને શરીરને નુકસાન થાય છે. સતત ત્રણ કલાકના લેક્ચરથી આંખો ખેંચાવી અને એકીટસે બેસી રહેવાથી શરીરના અંગોના દુખાવા પણ થાય છે.

○ ઓનલાઇન શિક્ષણ આમ જોતા સારું છે, પણ તેમાં કોઈ મુશ્કેલી હોય તો એ આપણે જે સમજ્યા ના હોય કે ખબર ના પડી હોય તેનું સોલ્યુશન મેળવી શકાતું નથી અને જે આપણે શાળામાં શિક્ષક અને વિદ્યાર્થી સામસામે ભણાવતાં ત્યારે જે મુશ્કેલી હોય તેનું સોલ્યુશન મળી રહેતું હતું. એટલે મારા મતે તો શાળાઓ ખુલી જાય તો સારું, કારણ કે સાયન્સનું ભણવાનું અઘરું હોય છે અને તેમાં જે ના આવડતું હોય તેનું સોલ્યુશન

લાવવું અને તેના સવાલોના જવાબ અને દાખલા આવડવા ખૂબ જ આવશ્યક છે માટે શાળાઓ ખુલી જાય અને રેગ્યુલર ભણતર ચાલુ થઈ જાય તે જ સારું રહેશે.

૦ મને તો શાળામાં શિક્ષકની સમક્ષ રહીને ભણવું વધારે ગમે છે. ઓનલાઇન શિક્ષણ થોડું ઓછું ગમે છે. આ ઓનલાઇન શિક્ષણના કારણે અમારા ઘરમાં ચાર જણા ભણવાવાળા અને મોબાઇલ એક જ છે. જેનાથી અમારા ચાર ભાઈબહેનો વચ્ચે વારંવાર ભણવા બાબતે ઝઘડા પણ થાય છે અને આ મહામારીના સમયગાળા દરમિયાન અમારી પરિસ્થિતિ એટલી સારી નથી કે અમે બીજો મોબાઇલ લાવી શકીએ. એટલે સારું તો એ જ રહેશે કે શાળાઓ ખૂલી જાય અને રેગ્યુલર ભણવાનું શરૂ થઈ જાય.

**નરેશભાઈ પંચાલ**

**વિનય મંદિર, ગુજરાત વિદ્યાપીઠ**

**ઓનલાઇન શિક્ષણના લાભ અને ગેરલાભ**

**લાભઃ-**

૧. શાળામાં જઈ ન શકાય તેવી સ્થિતિમાં ઘરે બેઠા અભ્યાસ કરી શકાય.
૨. કોરોના જેવી મહામારીમાં બાળક ઘરે બેઠા શિક્ષણ મેળવે, જેથી તેનો અભ્યાસ ના બગડે.
૩. મલ્ટીમીડિયાના માધ્યમથી અસરકારક શિક્ષણના પાઠ ભણી શકે.
૪. ઘરે બેઠા ઓનલાઇન પરીક્ષા પણ આપી શકે.
૫. શાળામાં ગયા વગર ઘરે બેઠા સમગ્ર અભ્યાસક્રમની માહિતી મળી જાય છે.
૬. ખર્ચ ઓછો આવે છે (શાળા શિક્ષણ કરતાં)
૭. ભણાવનારા શિક્ષકો માટે કામ સરળ થઈ જાય છે.
૮. સારા નિષ્ણાત શિક્ષકોના લેક્ચરનો ઘણાં બધાં વિદ્યાર્થીઓ લાભ લઈ શકે.
૯. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શિક્ષણ થતું હોવાથી વધારે અસરકારક સાબિત થાય છે.
૧૦. બાળકોનો અભ્યાસમાં રસ જળવાઈ રહે છે.
૧૧. યુટ્યુબના માધ્યમથી બાળકો વધુ માહિતી અન્ય જગ્યાએથી પણ મેળવી શકે છે.

**ગેરલાભ :**

૧. મોબાઇલ અને નેટ કનેક્શન જો ઉપલબ્ધ ન હોય તો તેવા બાળકો આ શિક્ષણનો ઉપયોગ ન કરી શકે.
૨. વધારે સમય મોબાઇલનો ઉપયોગ કરવાથી આંખો અને શરીરને નુકશાન થઈ શકે.
૩. ઓનલાઇન શિક્ષણ એક માર્ગી છે, જેથી વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન હોય તો તેનો જવાબ ન મળી શકે
૪. વધારે સમય મોબાઇલ-લેપટોપનો ઉપયોગ કંટાળાજનક બને છે.
૫. બાળક વધારે સમય મોબાઇલનો ઉપયોગ કરે તો તેના અભ્યાસમાં પરિવર્તન આવે છે.
૬. નેટ કનેક્શન નબળું તથા ગામડામાં નેટવર્ક ન હોવાના કારણે તેનો લાભ તે બાળકો લઈ ન શકે.
૭. બાળકો ઓનલાઇન શિક્ષણ વચ્ચેથી છોડી દે છે તેનો પૂરો લાભ લેતા નથી.
૮. ઓનલાઇન પરીક્ષામાં ચોરીની શક્યતા વધી જાય છે.
૯. સામાજિક પ્રતિક્રિયા આ શિક્ષણમાં શક્ય નથી.
૧૦. પ્રેક્ટિકલ શિક્ષણ આપવું શક્ય જ નથી.

## શ્વેતાકુમારી મ્યુનિસિપલ શાળા, બારડોલપુરા ૧-૨

શ્વેતાકુમારી મ્યુનિસિપલ શાળા, બારડોલપુરા 1/2માં 7માં ધોરણમાં ભણવા જાય છે. શ્વેતાને 4 ભાઈ-બહેન છે. મોટો ભાઈ 10મું નાપાસ છે. ધર્મિષ્ઠા છે તે 10માં ધોરણમાં ભણે છે અને હું 7માં ધોરણમાં અને પાર્થ છે તે 5માં ધોરણમાં ભણે છે, પણ હાલ ફોનમાં ભણવાનું ચાલે છે, તો અમે પૂરતું ભણી શકતા નથી. ટીવીમાં આવે એ હાંભળીએ અને આડોશી-પાડોશીની છોકરીઓના ફોનમાં જોઈ લેસન કરીએ છે. અમને પૂરતું ભણવા મળતું નથી. આમારી બહેનપણીઓ મૂડમાં હોય તો અમને બતાવે, નહીંતર ભણ્યા વગર બેસી રહીએ. અમારા ઘરમાં મારા બાપા પેડલ રિક્ષા ચલાવે છે અને મારો ભાઈ કોમ્પ્લેક્ષમાં વાળવા જાય છે અને હાલ એ કામ બંધ થઈ ગયું છે. અમારા ઘરમાં એક નાનું ડબલું ફોન છે તે મારા બાપા લઈ જાય છે. ફોન વગર અમે કેવી રીતે ભણી શકીએ? હાલ આખો દિવસ ટીવી જોઈએ છીએ. શ્વેતા કહે છે, મારી ઇચ્છા પોલીસ બનવાની છે. તા.29/7/2020થી તા.30/7/2020ના પરીક્ષા હતી, ત્યારે શાળામાંથી સાહેબનો ફોન આવેલો કે પેપર લઈ જાઓ. પછી પેપર લાવી તો ખરા પણ સવાલ જવાબ તો ફોનમાં આવે તો કેવી રીતે લખવું? અમારી ચાલીમાં હું પેપર લઈને ફરતી અને જેના છોકરા ભણતાં તેમના ઘરે જઈ તેમના ફોનમાં જોઈને પેપર લખ્યા. બે દિવસ પછી પાછા શાળામાં જમા કરાવ્યા. ભણવું તો છે, પણ અમારી પરિસ્થિતિ સારી નથી કે અમે મોટો ફોન લાવી ભણી શકીએ. મને તો થાય છે કે શાળા ક્યારે ખૂલે તો અમે સારી રીતે ભણી શકીએ. સાહેબો પાટિયા પર લખે, બોલીને સમજાવે ને અમે લખીએ, અને ઓનલાઇન ભણીએ તો નેટનો પ્રશ્ન હોય. છાપરામાં લાઇટ જતી હોય છે. કાચા છાપરામાં રહીએ છીએ તો ઘણી તકલીફો પડે છે.

## દીપિકા , મ્યુનિસિપલ શાળા, બારડોલપુરા-૧

મ્યુનિસિપલ શાળા, બારડોલપુરા-1, 7મા ધોરણમાં ભણે છે. દીપિકા કહે છે રોજ ફોનમાં લેસન આવે છે, પણ મારા પપ્પા પેડલ રિક્ષા ચલાવે છે, ફોન તેમની પાસે સવારે 8 વાગ્યાથી સાંજે 8 વાગ્યા સુધી હોય છે, એટલે હું ભણી શકતી નથી. મારા મમ્મી જૂના કપડાંનો ધંધો કરે છે. હાલ એ કામ ઓછું થઈ ગયું છે, આવક ઘટી ગઈ છે. બીજો ફોન ખરીદી શકતા નથી એટલે રોજનું લેસન કરી શકતી નથી. સ્કૂલમાંથી સવાલ-જવાબ ફોટા પાડી મોકલે અને કહે આ લેસન કરવાનું, પણ હું કરી શકતી નથી. હમણાં પરીક્ષા હતી તો એકમ કસોટીની ચોપડી આપેલ અને સાથે ગુજરાતી અને ગણિતના પેપર આપેલા તો એમાંથી જોઈને એકમ કસોટી સવાલ-જવાબ લખી શાળામાં જમા કરાવવા ગયેલા. ઘરમાં નેટ પકડાતું નથી, પછી ઘરમાં લાઇટ પણ જતી રહે છે એટલે હેરાન થવાય છે. મારે તો ઘરનું કામ પણ કરવાનું હોય છે. મારી મમ્મી જૂના કપડા લાવે, તેને રીપેરીંગ કરવા સિલાઈ કરે એટલે તેને મદદ કરાવી પડે અને ફોન પણ ઘરે ના હોય એટલે મારા માટે તો શાળામાં જઉં કે ઘરમાં ભણું બધું એક જ છે.

અમારા સાહેબ સારા છે. સ્વાધ્યાયપોથીમાં સવાલ-જવાબ હોય તે અમે લખી જમા કરાવી દઈએ અને એ પરીક્ષાનું પેપરમાં નહોતું આવડતું તો અમારા પડોશમાં રહેતી 10મું ભણતી છોકરી જોડે શીખીને પેપરમાં સવાલ-જવાબ લખેલા. એણે મને શીખવાડેલું.

## ધ્રુવ- અમૃત સ્કૂલ ઇંગ્લિશ મીડિયમ

ધ્રુવને ઓનલાઇન ભણવાનું થોડું ગમે છે. વારંવાર નેટ જતું રહે છે એટલે હેરાન થઈએ છીએ. અમૃત સ્કૂલ હનુમાનકેમ્પમાં અંગ્રેજી મીડિયમમાં ભણું છું. સાહેબ પણ ભણાવતા-ભણાવતા બહાર નીકળી જાય અને પછી આવે પાછા લેક્ચર આપે. બ્લૅકબોર્ડ પર લખે એટલે ફોનમાં દેખાતું નથી. ટીચરે મ્યુટ કરી આખો વિષય ચલાવી દીધો. ટીચરને પણ ખબર ના પડી અમે લોકોએ વોટ્સએપ પર મેસેજ લખ્યા પછી ટીચરે મેસેજ વાંચી ફરી આખો વિષય ચલાવ્યો.

યુ ટ્યુબ ઉપર વીડિયો મોકલે એના કરતાં જે ઓનલાઇન લેક્ચર આપે તેમાં પ્રશ્નો સોલ્વ કરી શકાય છે. દફતર લઈ ક્લાસરૂમમાં બેસી ભણવાનું સારું પણ આ મોબાઇલમાં એક નજરે જોવાથી ઊંઘ પણ આવી જાય છે. કેમેરો ઑન કરી હેન્ડસ-ફ્રી કાનમાં ભરાવવી પડે. કાનમાં પણ બહેરાશ આવી જાય. ઓનલાઇન કરતાં શાળામાં ભણવું સારું. ઓનલાઇન ભણવાનું ચાલુ કરતાં પહેલાં હાજરી ભરાય અને 15 મિનિટ પછી તો ગેરહાજરી ભરી દે અને તરત ક્લાસ ચાલુ થઈ જાય પછી તો જુએ કેટલા વિદ્યાર્થીઓ આવ્યા કે કેટલા નથી આવ્યા. ઓનલાઇન ભણવામાં સાહેબ જે સવાલ પૂછે તેનો અવાજ પણ નથી આવતો એટલે ખબર પણ નથી પડતી. ઓનલાઇન ક્લાસીસમાં મુશ્કેલીઓનો હલ તો થાય, પણ જેવું શાળામાં સામસામે સમજાવતા અને સમજણ પડતી એમ નહીં. આ બધી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખતા તો શાળા ચાલુ થાય અને રેગ્યુલર ભણવાનું ચાલુ થાય તો સારું.

## જીનલ કોરડીયા

મારું નામ જીનલ કોરડીયા. હું 10માં ધોરણમાં ભણું છું. પહેલા દફતરનો ભાર લાગતો. થોડા ટાઇમ પછી સ્કૂલથેલો મૂકી દઈએ. થોડીવાર પીઠમાં દુખે, પછી ના દુખે. હાલમાં ઓનલાઇન મોબાઇલથી કાનમાં દુખે, આંખો દુખે, ભણાવે તે વિષયની ખબર ના પડે, ઘોંઘાટ સંભળાય, આંખોમાં બળતરા થાય. ઓનલાઇનમાં ધ્યાન ભટકે છે. શાળામાં તો સામે જ શિક્ષક હોય તો ભણીએ. ક્લાસમાં ભણાય સારી રીતે ઓનલાઇનમાં સમજ નથી પડતી. પ્રશ્નોના જવાબ આપતા નથી બરાબર. ઓનલાઇનમાં નેટવર્કનો પ્રોબ્લેમ થાય છે. નેટવર્કના પ્રોબ્લેમના લીધે લેક્ચર પણ રદ કરવામાં આવે છે. જેના લીધે કોર્સ બાકી રહી જાય છે. ઓનલાઇન એજ્યુકેશનમાં હાઇ કલાસ અને મિડલ ક્લાસવાળા લોકો મોબાઇલ કે નેટવર્ક ડેટા વડે ભણી શકે છે, પરંતુ ગરીબ વર્ગના બાળકો નેટવર્ક વડે ઓનલાઇન ક્લાસમાં નથી ભણી શકતા. ઓનલાઇન ક્લાસમાં લિંક ઓપન કરી વિદ્યાર્થી ઓનલાઇન તો હોય, પણ બાળકો ભણે છે કે નહીં એ શિક્ષકને ખબર ના પડે.

ઓનલાઇન પરીક્ષામાં વિદ્યાર્થીઓ પણ સાહિત્ય જોડે રાખીને, કોઈની જોડે મદદ લઈને પરીક્ષા આપે છે. વિદ્યાર્થીઓ પોતાનું પૂરતું ધ્યાન ભણતરમાં નથી લગાવી શકતા અને શીખેલું યાદ રાખી શકાતું નથી. એક ઘરમાં એક જ મોબાઇલ હોય અને બાળકોને જુદું-જુદું ભણવાનું હોય છે. હેન્ડ્સ-ફ્રી વગર સંભળાતું નથી, જેની પાસે ના હોય તો શું કરે ?

ઘરે બાળકો ભણે છે, પરંતુ તેમના શરીરને નુકશાન કરે છે. ઓનલાઇન ભણે છે ત્યારે બાળકોની આંખો ખેંચાય, માથું દુખે તેવું આખો દિવસ કહે છે. તેનાં કરતાં સ્કૂલમાં ભણવું સારું. આટલી ફી આપવા છતાં ઓનલાઇન એક કલાક જ ભણાવે છે. અમે મજૂરી કરીએ કે બાળકોને ભણાવીએ? ઘરે ભણાવવા રહીએ તો મજૂરીએ રજા રાખવી પડે અને અમને આ બધું નથી આવડતું. અમે ભણ્યા પણ નથી, વધારે નહિ પણ સાત ચોપડી જ ભણ્યા છીએ.

### સાગર ભીખાભાઈ - મીનાબેન ભીખાભાઈ રાવલ, માથોડા કામદાર

બાળકો મ્યુનિસિપલ શાળામાં ભણે છે. અત્યારે કોરોનાને કારણે શાળાઓ બંધ છે, પરંતુ મોબાઇલમાં ઓનલાઇન ભણાવે છે. દાખલા મૂકે પછી ત્યાંથી બહેન ચોપડી આપે છે અને લખવાનું ઓનલાઇનમાં તો બાળકોને આંખોની તકલીફ થાય છે. માથાનો દુ:ખાવો થાય છે

**કુણાલ : સરસ્વતીબેન ઠાકોર - માથોડા કામદાર**

અત્યારે શાળામાં ભણાવતા નથી, જ્યારે ભણાવતા હતા ત્યારે સ્કૂલમાં ઓછી ફી હતી. અત્યારે ઓનલાઇન ભણાવે છે તો એક બાળકની 800 રૂપિયા ફી અને બે બાળકોની 1600 રૂપિયા ફી આપીશું. અમે ઓનલાઇન ભણાવીએ, પરંતુ મોબાઇલમાં ખબર પડતી નથી એટલે ટ્યૂશનમાં ભણીએ છીએ.

નીનાબહેન અને સરસ્વતીબહેન આ માથોડા કામદારોના બાળકોના અનુભવો સોનલબહેન કે જે માથોડા કામદારોના આગેવાન છે તેમણે વર્ણવ્યા.

**– રમીલા પરમાર**

❑

# મારી આપવીતી....

## બહેનોની પડખે ઊભા જીવીબહેન

'અરે...2002ના કોમી રમખાણો આ કોરોના વાયરસ મહામારી કરતાં સારા હતા', જીવીબહેને પોતાની વાત શરૂ કરતાં કંઈક આમ કહ્યું. જીવીબહેન સેવાના આગેવાન 27 વર્ષથી છે. કોઈ જ ઔપચારિક શિક્ષણ ના હોવા છતાં જીવીબહેને સેવા બૅન્કના બૉર્ડ મેમ્બર તરીકે 9 વર્ષ કામ કર્યું છે. અને એ જ આત્મબળ સાથે આ કોરોના મહામારીમાં હજારો બહેનોને મદદ કરવામાં તેમની ભૂમિકા મહત્ત્વની રહી. 'લૉકડાઉનના પહેલાં જ દિવસે મેં વિસ્તારના કોર્પોરેટરનો સંપર્ક સાધ્યો અને 300 કિલો લોટ ભેગો કરી 300 બહેનોમાં વહેંચ્યો. આ કર્યા પછી મને તરત અહેસાસ થયો કે આટલો લોટ તો ફક્ત એક જ વાર રાંધવા પૂરતો થઈ રહેશે અને મોટાભાગની બહેનો તો રોજ કમાઈને ખાનાર છે. તેમની પાસે કોઈ બચત પણ નહીં હોય કે બે-ચાર દિવસથી વધુ ચાલે તેટલું કરિયાણું પણ નહીં જ હોય, તેમને ઘર ચલાવવા માટે હજુ વધારે અનાજ-પાણી જોઈશે. મને અંદેશો આવી ગયો કે બહેનો માટે આગળનો રસ્તો કપરો છે. મારે જેટલી બને એટલી મદદ એમને પહોંચાડવી જ રહી. 'સખી મંડળ'ની મદદથી જે બહેનો પાસે બે ટંક ભોજન બનાવાય એટલો સામાન પણ નહોતો તેમનું એક લિસ્ટ બનાવ્યું. હું આ લિસ્ટ લઈને યુ.સી.ડી. ભવનના અધિકારીઓને મળી અને 500 બહેનો અને તેમના કુટુંબીજનોને ત્રણ મહિના સુધી બે ટંક તૈયાર ભોજન મળે તેની વ્યવસ્થા કરી. આ જ રીતે બીજાં કેટલાંક લોકો અને સંસ્થાઓને અન્ય 500 બહેનો સુધી તૈયાર ભોજન પહોંચાડવા માટે મેં તૈયાર કર્યા. ઘણા લોકો સામેથી જ આવ્યા અને બહેનોને રાશનકીટ આપવા માટે મારી મદદ માંગી. લગભગ 5000 બહેનોને રાશનકિટ્સ મેળવવામાં મદદ કરી. 'મ્યુનિસિપલ કોર્પોરેશન' અને 'સખીમંડળ' દ્વારા મારો સંપર્ક મણિનગરના રેનબસેરાના વ્યવસ્થાપન માટે કરવામાં આવ્યો સખીમંડળના બે સભ્યોની મદદથી ઘરવિહોણા 38 લોકો કે જેમણે રેનબસેરામાં આશરો લીધો હતો, તેમની દેખરેખ કરવાનું કામ આખા લૉકડાઉન દરમિયાન સંભાળ્યું. અમે કાળજી લીધી કે અહીં રહેતા સભ્યોને ભોજન અને જીવન જરૂરિયાતની વસ્તુઓ મળી રહે. અહીંની રોજબરોજની જવાબદારીઓ સારી રીતે પાર પાડવા અન્ય સાત બહેનોની મદદ લીધી કે જેમને તેનું મહેનતાણું પણ ચૂકવવામાં આવ્યું. જેમાંથી કેટલીક બહેનોએ સાફસફાઈ માટે તો કેટલાંકે રસોઈ અને અન્ય જવાબદારીઓ સંભાળી લીધી.' જેમ લૉકડાઉન લંબાતું ગયું તેમ મને અહેસાસ થયો કે રાશનકિટ્સ ઉપરાંત બહેનોને મેડિકલ કિટસની પણ જરૂર છે. માસ્ક અને સેનિટાઇઝર કે જે અત્યંત જરૂરી વસ્તુઓ હતી તે ખરીદવા માટે અમારી પાસે પૈસા બચ્યા ન હતા. ત્યાર પછી કોર્પોરેશનને આરોગ્યલક્ષી કિટ્સ કે જેમાં ચાર માસ્ક ચાર સાબુ અને ચાર દિવસના હોમિયોપેથીના કોર્સની દવાઓ હતી તે 3000 બહેનોને પહોંચાડવામાં મદદ કરી. એ જ રીતે સેવા દ્વારા આપવામાં આવેલા બિસ્કીટના પેકેટ્સ બે હજાર સભ્યો સુધી પહોંચાડ્યા તથા અન્ય 100 બહેનોને સેનિટરી પેડ્સ પણ આપ્યા. લૉકડાઉનના થોડાક જ દિવસમાં મારા વિસ્તારમાં બાર-પંદર કોરોનાના કેસ બહાર આવ્યા. દર્દીઓને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા અને તેમના ઘરોને સીલ કરી કુટુંબના સભ્યોને ક્વૉરન્ટાઇન કરી દીધા. હું આ કુટુંબોના સભ્યો સુધી પહોંચી અને તેમને બે વખત તૈયાર ભોજન મળે તેની તકેદારી લીધી. ૧૪ દિવસ મેં પોલીસ સ્ટેશનમાંથી ભોજન લઈ ક્વૉરન્ટાઇન કુટુંબીજનોને પહોંચાડ્યું અને સાથેસાથે એમના ઘરના સભ્યોને કંઈ નહીં થાય અને સહુ સારાવાના થશે તેવી સાંત્વના આપી કાઉન્સિલિંગ પણ કર્યું. ઘણી બહેનોને જઈને વિવિધ સરકારી યોજનાઓ વિશે પણ માહિતી પૂરી પાડી અને તેમને કઈ રીતે તેનો ફાયદો લેવો તે અંગેની પ્રક્રિયાઓ પણ સમજાવી. કેટલાંક દિવસો હું રાશનની દુકાન ઉપર જઈને પણ બેસતી કે જેથી દરેક બહેનને પૂરતાં પ્રમાણમાં રાશન મળે અને કોઈ બહેનને નિરાશ થઈને પાછું ન જવું પડે. વળી, ક્યારેક કેટલીક બહેનો કે જેમણે ક્યારેય બૅન્કના પગથિયાં ચડ્યાં નહોતા તેમની સાથે જનધન ખાતામાં જમા થયેલા 500 રૂપિયા ઉપાડવાની મદદ કરવા પણ

જતી. સખીમંડળની મદદથી 10 બહેનોને પૈસા અપાવ્યા કે જેથી તેઓ શાકભાજી વેચવાનું કામ કરી પોતાની રોજી રળી શકે. ઈશ્વરે મને ઝાઝું આપ્યું નથી કે જેથી હું પોતે સીધી રીતે બહેનોને કોઈ મદદ કરી શકું પણ સેવાની મદદથી મેં મારી જાતને એટલી સદ્ધર કરી છે કે હું કોઈપણ વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા યોગ્ય માર્ગ શોધી શકું અને મારી બહેનોને પડખે ઊભી રહી શકું!

— જાગૃતિ

❑

## ‘માહિતી આપવી પણ મદદ છે’ — તરન્નુમબહેન

તરન્નુમબહેન સેવાના સભ્યોની ત્રીજી પેઢી છે. તેઓ બીડીકામદાર કુટુંબમાંથી આવે છે. લૉકડાઉનની શરૂઆતથી જ તરન્નુમબહેને વિસ્તારમાં અન્ય બહેનોને માસ્ક પહેરવાનું મહત્ત્વ, બહાર જાઓ ત્યારે એકબીજાથી યોગ્ય અંતર કેળવવાનું મહત્ત્વ, હાથ સેનિટાઇઝ કરવાની વાત અને પોતાના શરીરની ચોખ્ખાઈ કેવી રીતે જાળવવી તેની સમજણ ઊભી કરવાનું કામ કરવા માંડ્યું. તેમણે તૈયાર ભોજન બહેનોને અને તેમના કુટુંબીજનોમાં વહેંચવાનું કામ કર્યું. આ ઉપરાંત તેમના વિસ્તારના 12 સ્થળાંતરીય કામદારોને પણ ભોજન પૂરું પાડ્યું.

‘મારા ઘર નજીક ફસાયેલા સ્થળાંતરીય કામદારોની વેદના મારાથી જોવાતી નહોતી. મારા મર્યાદિત સંશાધનો હોવા છતાં હું કોર્પોરેશન અને કેટલાંક વ્યક્તિઓની મદદથી 50 કુટુંબો કે જેમની પાસે કશું જ ખાવા નહોતું તેમને બે મહિના સુધી બે ટંક તૈયાર ભોજન પહોંચતું કરી શકી.’ તરન્નુમબહેને કોર્પોરેશનની હરતીફરતી વાન દ્વારા અપાતી સસ્તી આરોગ્ય સેવાઓ વિશે પણ બહેનોને માહિતી આપી. વળી, જે બહેનોને જુદી-જુદી પ્રકારના આરોગ્યના પ્રશ્નો હતા, તેઓ સંજીવની રથ અને આરોગ્યરથમાંથી મફત આરોગ્ય સેવાઓ લઈ શકે તે માટેના પણ પ્રયત્નો કર્યા. તેમના વિસ્તારમાં સર્વે કરી ખૂબ જ જરૂરિયાતમંદ 50 બહેનોને શોધી તેમને રાશનકીટ મળે તે માટેની વ્યવસ્થા કરી. આ ઉપરાંત સેવા દ્વારા અપાયેલા બિસ્કીટ અને સેનિટરી પેડ્સ પોતાના વિસ્તારના સભ્યોમાં વહેંચવાનું કામ કર્યું. જેમની પાસે રાશન કાર્ડ ન હતું તેમને પણ સરકારની નીતિ અનુસાર આ પરિસ્થિતિમાં મફત રાશન મળવાપાત્ર છે તે અંગેની માહિતી પણ બહેનો સુધી પહોંચાડી. લૉકડાઉન જ્યારે પહેલા ચરણમાં ખુલ્યું ત્યારે તેમણે બહેનોની સાચી પરિસ્થિતિ ઉપર પ્રકાશ પાડ્યો. તેમણે જાણ કરી કે મોટા ભાગની બહેનો માટે હજી કામ શરૂ નથી થયું. વળી, કેટલીક બહેનો કે જેમણે કામ શરૂ કર્યું છે તેઓ દિવસના આઠથી દસ કલાક કામ કરે છે પણ કશું ખાસ કમાઈ શકતી નથી. તરન્નુમબહેન જણાવે છે કે ‘કેટલીક બહેનો જે કપડા સીવવાનું કામ કરે છે તેમને અઠવાડિયામાં બે દિવસ અથવા આંતરા દિવસે કામ ઉપર બોલાવે છે. વળી, તેમને વધારાના કલાકો પણ કામ કરાવે છે જેના કોઈ જ એક્સ્ટ્રા પૈસા આપવામાં આવતા નથી. આખા લૉકડાઉન દરમિયાન વેઠેલી બેકારીને કારણે ઊભી થયેલી કથળેલી આર્થિક પરિસ્થિતિમાં બહેનો પોતાના કામ અનુસાર હકના વધારાના પૈસા પણ માંગી શકતી નથી.’ આ રોગચાળો ફાટી નીકળવાથી બહેનોની પરિસ્થિતિ ખૂબ જ કપરી થઈ છે. એવામાં જે બહેનોને ખૂબ જ જરૂર હતી તેમના સુધી પૂરતી મદદ પહોંચાડીને તરન્નુમબહેને પોતાની નેતૃત્વ શક્તિ અને માનવીય મૂલ્યોનું જતન કર્યું છે.

— જાગૃતિ

❑

## આ શું થઈ ગયું?

**આ તે કેવા કપરા ’દિ આવ્યા રે...**
**બે ઘડી કોઈથી મળી શકાય નહીં,**
**સુખમાં તો શું!**
**દુઃખમાં પણ દિલાસો આપવા જવાય નહીં,**
**નથી કેદ, પણ કેદ કરતાં કપરું છે,**
**જીવવું આ.**
**નથી ગુનો કર્યો કો’વાતથી**
**છતાં**
**મુખને છુપાવવું પડે હા,**
**જે હરખાતાં દીઠે,**
**આજ મુખ ફેરવી લેતાં થયાં.**
**બહારના તો શું?**
**પોતિકા પણ શંકાથી જોતાં થયા.**
**‘કોરોના’ તેં આવું શીદને કર્યું?**
**જેને પોતાના ગણ્યા છે દિલથી,**
**એ જ પરાયા બની ઊભા છે વાટમાં.**
**એક આશા હતી, પ્રભુ તારી**
**કે, તું તો મળશે જ મને!**
**પણ અફસોસ...**
**તને મળવાના દ્વારને પણ,**
**તાળાં વાગી ગયાં!**

**— શશિકાન્ત મેકવાન**

❑

# ઉત્તરાખંડ, ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં મનરેગાની સ્થિતિઃ એક અવલોકન

સેવા જે રાજ્યોમાં કામ કરે છે તેમાંનાં કેટલાંક રાજ્યોમાં અસંગઠિત ક્ષેત્રનાં કામદારો સુધી મનરેગા યોજના સાથે જોડવા, અને યોજનાના અમલ, તેમાં અવરોધો અને તેમાં વધુ કેવી રીતે સભ્યોને જોડી શકાય કે જેથી હાલની કોરોનાકાળની પરિસ્થિતિમાં આ અસંગઠિત વર્ગના આર્થિક પ્રશ્નો હલ થાય તે હેતુથી માહિતી એકઠી કરવામાં આવી છે.જેની વિગતો જોઈએ તો...

## સેવા ઉત્તરાખંડઃ

ઉત્તરાખંડનાં 5 જિલ્લાઓમાં મનરેગા હેઠળ કામ થાય છે, જેમાં રુદ્રપ્રયાગ અને બાગેશ્વર જિલ્લા સિવાય અન્ય જિલ્લાઓમાં લોકોને મનરેગા હેઠળ સારીપેઠે કામ મળતું નથી. જેને માટે ઘણાં કારણો જવાબદાર છે. જેમકે, ક્યાંક બ્લોક ઑફિસ જ બંધ પડેલી છે, તો ક્યાંક અધિકારીઓ પોતાનાં કામને યોગ્ય રીતે નથી કરી રહ્યા. લોકોને કામ નહીં મળવા પાછળનું એક અગત્યનું કારણ એ છે કે કેટલાંક અધિકારીઓએ યોગ્ય રીતે કામ જ નથી કર્યું, જ્યારે આ અંગેનો સર્વે કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે કામ ફક્ત કાગળો ઉપર જ બોલતું હતું જે ખરેખર તો થયું જ નહોતું. વળી જૉબકાર્ડ બનાવવાનું કામ છેલ્લા 3 વર્ષોથી ઓનલાઇન થઈ રહ્યું હતું, જેમાં 70 દિવસનું કામ હોવું જરૂરી હતું, પરંતુ ક્યાંય પણ લોકોનું 70 દિવસનું કામ પૂરું નહોતું. આ જ કારણોસર કેટલાયનાં જૉબકાર્ડ જ બની શક્યા નથી. હવે ગામમાં પંચાયતની ખુલ્લી બેઠકોમાં જ ગામનાં લોકો પોતે નક્કી કરશે કે એમનાં ગામમાં મનરેગા હેઠળ કયું કામ કરી શકાય તેમ છે. જેમાં ગ્રામવિકાસ અધિકારી અને સરપંચ દ્વારા નિર્ણય લેવાશે કે ગામમાં કામ થશે કે નહીં. આ ઉપરાંત ગામનાં સર્વેનાં રિપૉર્ટની પણ મદદ લેવામાં આવશે.

આ પરિસ્થિતિમાં સેવાનાં પ્રતિનિધિઓ દ્વારા સરપંચોને અને બ્લોક ઑફિસમાં મનરેગા કામને માટે અરજી આપવામાં આવી છે, પણ હજી ફક્ત 650 બહેનોને જ મનરેગાનું કામ મળી શક્યું છે.

## સેવા ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશમાં પણ મનરેગા યોજના ગામડાઓમાં હાલમાં યોગ્ય રીતે કામ નથી કરી રહી જેને કારણે આ યોજના હેઠળ કામ કરતા કામદારોને ખૂબ તકલીફો ઊભી થાય છે. તેમની સમસ્યાઓ કંઈક આ મુજબ છે.

**સુમન રાવતઃ** 'લખનૌના મરખાપુર ગામના 34 વર્ષીય સુમનબહેન વ્યવસાયે ખેત મજૂર છે. તેઓ મનરેગામાં કામ કરી પોતાના પતિને આર્થિક ટેકો કરે છે. તેમના પતિ પણ મનરેગા હેઠળ જ કામ કરે છે. તેમને ત્રણ બાળકો છે, જે સરકારી શાળામાં ભણે છે. તેમનું ગુજરાન વર્ષમાં મળતી 100 દિવસની રોજગારીને આધારે ચાલે છે. જેમાં રોજના 201 રૂપિયા મળે છે. વળી, એમાં પણ મજૂરી કપાઈને હાથમાં આવે. સ્ત્રીઓ અને પુરુષોને સરખી જ મજૂરી મળે છે, પરંતુ તેના પૈસા અઠવાડિયે કે મહિને મળે છે. રોજના પૈસા મળતા નથી. લૉકડાઉનમાં ખૂબ તકલીફ પડી કારણ કે કોઈ કામ જ નહોતું. ફક્ત રાશનકાર્ડ ઉપર રાશન મળી શક્યું...'

**મનીરામઃ** 'બારાબંકી જિલ્લાના બંધ્યા ગામના વતની મનીરામ એક ખેતમજૂર છે. તેઓ જણાવે છે કે તેમને મનરેગામાં ત્રણ દિવસનું કામ મળ્યું હતું, જેના પૈસા હજુ સુધી મળ્યા નથી. વળી, એ ખેતી પણ ના કરી શક્યા, કારણકે ખેતી માટે પાણી મેળવવા માટે કલાકના 120 રૂપિયા ચૂકવવા પડે છે, જે એમની પાસે નથી. તેથી જે થોડીઘણી જમીન છે એમાં પણ કંઈ ઊગાડી શકતા નથી. ખેતી કરવા પણ મારે પૈસાની ખૂબ જરૂર છે.જો મનરેગાના પૈસા ના મળ્યા તો મારે ફરી શહેરમાં જઈને છૂટક મજૂરી કરવી પડશે.'

**રંજનાઃ** 'મરખાપુર ગામના વતની સેવાના સભ્ય રંજનાબહેન પણ એક ખેતમજૂર છે. તેમણે જણાવ્યું કે કામદારોને પૂરા પૈસા નથી મળતા અને સરપંચ તેમાંથી 100 રૂપિયા પ્રતિ દિવસ લઈ લે છે. વળી, રોજના રોજ પૈસા પણ નથી મળતા. મનરેગામાં કામ કરતાં ભાઈ-બહેનોને ખૂબ જ તકલીફ પડે છે, અમારા ગામમાં મનરેગા હેઠળ કામ આવ્યું પણ તેમાં ખૂબ વધારે મજુરભાઈઓને કામે લગાડવાથી ફક્ત ચાર દિવસનું જ કામ મળી શક્યું. એટલે કે કામ મળતાની સાથે જ પૂરું પણ થઈ ગયું.'

**કૌશલઃ** 'લખનૌના ટીકરી ગામના રહેવાસી કૌશલભાઈ કલરકામ કરે છે.આ લૉકડાઉન માં એમનું કામ સંપૂર્ણપણે બંધ થઈ ગયું. ઘર ચલાવવા માટે કોઈ કામ તો કરવું જ રહ્યું તેથી તેમણે મનરેગામાં કામ કરવા માટે પોતાના ગામના સરપંચનો સંપર્ક કર્યો. તેમને કામ તો મળ્યું પણ સરકારી આંકડાઓ અને વાસ્તવિકતા વચ્ચે ખૂબ મોટું અંતર જોવા મળ્યું. તેમના બ્લૉકમાં 100થી વધુ ગામ ભેગા હોવાથી આ કામ ફક્ત 12-13 ગામોને જ મળી શક્યું, જે ફક્ત 20-25 દિવસ ચાલ્યું. વળી કેટલાંક ગામમાં તો ફક્ત અઠવાડિયું જ કામ મળી શક્યું. કૌશલભાઈને તળાવ ખોદવાનું કામ મળ્યું હતું, પરંતુ તે સાત દિવસ ચાલ્યું, કારણકે કોન્ટ્રાક્ટરે બાકીનું કામ જે.સી.બી મશીનથી કરાવી લીધું, જેનો ગામમાં ઘણો વિરોધ પણ થયો. સૌથી મહત્ત્વની વાત એ છે કે આવી રીતે કામ થવાથી મજૂરોને દિવસનું કામ અને પૈસા મળી શકતા નથી. આ માટે સરકારે કોઈક ગોઠવણ કરવી

જોઈએ. વળી, જે લોકો આ પરિસ્થિતિમાં ગામ છોડીને પાછશ શહેરો જઈ રહ્યા છે. તેમને પણ કંઈક કામ મળવું જોઈએ. કૌશલભાઈને મનરેગામાં 202 રૂપિયા મળે છે, પણ મજૂરીના બધા પૈસા બૅંકમાં જમા થાય છે.'

**રૂબીબહેનઃ** 'રાયબરેલીના સલોન ગામના રૂબીહેનનું કહેવું છે કે રાયબરેલીમાં તો મનરેગા યોજના હેઠળ હાલના સમયમાં શું કામ થયું છે તે દેખાતું જ નથી. ગામની નહેરની સાફ-સફાઈ માટે સરપંચે એક યાદી બનાવી હતી તથા બીજું પણ એક કામ ગામના લોકોને મળવાનું હતું, પરંતુ પછી બધાંને કહેવામાં આવ્યું કે હવે આ કામ જલદી પૂરું કરવાનું હોવાથી મશીન દ્વારા જ કરવામાં આવશે. આવી પરિસ્થિતિમાં મજૂર ભાઈ-બહેનોને ખૂબ ઓછા દિવસ રોજગારી મળે છે અને એટલે તેઓ આર્થિક તાણનો સામનો કરી રહ્યા છે. રૂબી બહેન કહે છે કે, ગયા વર્ષે કેટલાંક લોકોએ મનરેગામાં ઘણું કામ કર્યું, પરંતુ આ લૉકડાઉન આવવાથી લગભગ 300 કામદારો વધી ગયા અને એટલે જ એક મહિનાનું કામ ઘણા બધા લોકોમાં વહેંચાઈ ગયું.' અહીંયા મનરેગા હેઠળ છ દિવસનું કામ મળતું. જેમાં કામ કરનારા પુરુષોને 180 રૂપિયા અને સ્ત્રી કામદારોને 150 રૂપિયા મળે છે, જ્યારે બાળમજૂરોને 100 રૂપિયા મળે છે . જેમાં રસ્તા, તળાવ, નહેર વગેરેનું કામ આવે છે.' કામદારબહેનો સાથે વાત કરતાં મનરેગામાં સરપંચની ભૂમિકા વિશે નીચેની બાબતો બહાર આવી.

૧. છ દિવસનું કામ બતાડી ફક્ત 10થી 12 જ દિવસનું કામ આપે છે.
૨. સો મજૂરોની સંખ્યા બતાડી ફક્ત 10 કે 15 જ વ્યક્તિઓને કામ આપે છે.
૩. ક્યારેક મજૂરોને 600 રૂપિયા તો ક્યારેક 1000 રૂપિયા આપી કામનું ખોટું આશ્વાસન આપવામાં આવે છે.
૪. મજૂરોના ખોટા નામ ફક્ત ચોપડે લખી એના ઉપર પૈસા કમાય છે.
૫. જોબકાર્ડ પણ ખોટા નામો ઉપર બનાવી તે ખાતાઓમાં પૈસા હડપે છે.
૬. જ્યારે પૈસા આવે ત્યારે તે પહેલાં સરપંચ લઈ લે છે.
૭. સ્થળાંતર મજૂરોના આવવાથી કામ નથી મળતું. લૉકડાઉનને કારણે ઘણા ભાઈઓ શહેર છોડીને ગામ તરફ આવ્યા છે, જેના કારણે બહેનો પાસેથી તેમની મજૂરીનું કામ છીનવાઈ ગયું છે.

## સેવા ઝારખંડ

સેવાએ 2016-17ની મધ્યમાં ઝારખંડનાં વિસ્તારોમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. હવે સેવા ઝારખંડના બે જિલ્લાઓ અર્ધશહેરી રાંચી અને હઝારીબાગનાં ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરે છે. હઝારીબાગમાં સેવા મુખ્યત્વે દરૂ બ્લૉકનાં નાના ખેતમજૂરો સાથે કામ કરે છે અને હવે પડાશના ચર્ચૂ અને તાતી ઝરીયા બ્લૉકમાં પણ પોતાનું કામ વધારી રહી છે, જ્યાં સેવા શક્તિકેન્દ્રો મારફત બિનખેતી પ્રવૃત્તિઓમાં સભ્યોને સાંકળી રહી છે અને સાથે જ સ્વાસ્થ્ય અને આર્થિક સધ્ધરતા અંગે જાગૃતિ ફેલાવી રહી છે. સેવાશક્તિ કેન્દ્રો મારફત મજૂરોને બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વકર્સ, અનઓર્ગેનાઇઝ્ડ વકર્સ બોર્ડ, માઇગ્રેશન ફસલ બીમા યોજના અને સીડ બેનિફિટ જેવી યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે.

કોવિડ-19 દરમિયાન ઝારખંડ સરકારે બહારનાં રાજ્યોમાં કામ કરવા ગયેલા મજૂરોને પાછા લાવવાની વ્યવસ્થા ગોઠવી અને સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેમને ટકાવી રાખવા ગ્રામ્ય રોજગારીને ઉત્તેજન આપવા ઝારખંડ સરકારે મનરેગા હેઠળ ત્રણ યોજનાઓ મે મહિનાથી શરૂ કરી. આ યોજનાઓ છેઃ

- ગ્રામ્ય વનીકરણ માટેની બિરસા હરિત ગ્રામ યોજના
- પાણીનાં સંગ્રહ માટેની નીલામ્બર પીતામ્બર જળસમૃદ્ધિ યોજના
- રમતગમતનાં મેદાનો બનાવવા માટેની 'પોટા હો' ખેલ વિકાસ યોજના
- સુવિધા ઊભી કરનાર સંગઠન તરીકે સેવાએ પોતાનાં કાર્યક્ષેત્રમાં એવા પ્રયત્નો કર્યા કે પોતાના સભ્યોને આ યોજનાઓ સાથે કેવી રીતે જોડી શકાય જેથી તેમની આવક વધારવામાં સહાય થઈ શકે.

આમ તો મજૂરો મનરેગા યોજનામાં જોડાતા નથી, કેમ કે તેનાં અમલીકરણમાં ઘણા છીંડાઓ છે જેના કારણે તેમને ઓછી મજૂરી મળવી, પૈસા અનિયમિત રીતે મળવા, સમયસર કામ ન મળવા વગેરેની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

જોકે મનરેગા યોજના હેઠળ કામમાં જોડવામાં મદદ કરવા અંગે સેવા પાસે કોઈ ઠોસ અનુભવ નહોતો પણ એવું નક્કી કરવામાં આવ્યું કે લોકોને એ દિશામાં વાળીએ અને સભ્યોને તેમજ પાછા આવેલા કામદારોની તેમનાં ગામનાં આગેવાનો મારફત આ યોજનાઓમાં નોંધણી કરાવીએ. સેવાની ટીમે સરપંચ તેમ જ રોજગાર સેવક સાથે આ અંગે ચર્ચા કરી. રોજગાર સેવકોએ બધાને માર્ગદર્શન આપ્યું કે લોકો મનરેગામાં નોંધણી કરાવતા પહેલાં કેવી રીતે જોબકાર્ડ માટે અરજી કરી શકે છે. અમે લોકોની મદદ માટેનું કામ જૂન મહિનાથી શરૂ કર્યું અને લોકોને જૉબ કાર્ડ મેળવવા માટે અરજીઓ કરવા પ્રોત્સાહિત કરવા લાગ્યા પણ કમનસીબે ઝારખંડમાં એક મહિનામાં જ મનરેગા યોજનામાં ખૂબ મોટી મુશ્કેલીઓ ઊભી થઈ. હાલ સ્થિતિ એ છે કે મનરેગાનાં તમામ કર્મચારીઓ અચોક્કસ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-8-2020

હડતાળ પર છે એટલે સેવાને પણ જૉબકાર્ડસ મેળવવાના લોકો સાથેના પ્રયાસો પડતા મૂકવા પડ્યા.

ઝારખંડમાં મનરેગાનું કામ કેમ ખાડે ગયું છે અને લોકો તેમાં કામ નથી કરવા માંગતા - તે અંગે લોકોનાં જ મંતવ્યોઃ

- મનરેગામાં લોકો કામ કરવા નથી માંગતા તેનું સૌથી મોટું કારણ છે ખૂબ ઓછી મજૂરી - મહેનતાણું અને તે મળવામાં થતો વિલંબ.

- ડોભા નિર્માણનાં કામ માટે એક સાથે 1 એકર જમીન હોવી જરૂરી છે. પણ ઘણાં સભ્યો પાસે એક સાથે આટલી જમીન નથી તો કેટલાક પાસે જમીન હોવા છતાં પાણી ઉપલબ્ધ હોવાથી તેઓ ડાંગરની ખેતી કરે છે.

- નાનાં ખેડૂતો પાસે ઓછી જમીન છે અને તેઓ મનરેગામાં તેનો ઉપયોગ નથી થવા દેવા માંગતા કેમ કે એક તો ઓછી જમીન અને તેમાંય જો મનરેગા માટે આપે તો એકદમ ઓછી બચે જે ખેતી માટે પૂરતી ન પડે.

- મનરેગામાં વનીકરણ માટે સભ્યોની જમીનમાં સિંચાઈની પૂરતી વ્યવસ્થા નથી હોતી. સાથે જ વનીકરણ માટે ચોક્કસ માત્રામાં જમીન જરૂરી છે અને એટલી જમીન ફાળવવી શક્ય નથી હોતી.

- ઘણી વાર નાણાંની ફાળવણીમાં ખૂબ વિલંબ થાય છે અને પૈસા મળ્યા બાદ કામ શરૂ થાય છે. હવે આ કામ ચોક્કસ સમયમર્યાદામાં પૂરું કરવાનું હોય છે એટલે હાથમજૂરી કરતાં મશીનથી કામ પૂરું કરી દેવામાં આવે છે.

- કોઈ પણ કામના અમલ પહેલાં જમીન અંગેની ઘણી માહિતી આપવી પડતી હોય છે અને યોજનાના લાભાર્થીઓ પાસે કેટલાક કારણોસર આ વિગતો નથી હોતી.

- એ પણ જોવા મળ્યું છે કે ગામડાઓમાં મહિલાઓ મનરેગા હેઠળ કામ મેળવવા નથી જતી કેમ કે તેઓ ઘરકામમાં કે ખેતીના કામમાં ખૂબ વ્યસ્ત હોય છે. કેટલીક મહિલાઓ બાંધકામ મજૂર તરીકે કામ કરવા જતી હોય છે. જ્યાં તેમને કામ પતે કે તરત જ રોજના 300-350 રૂપિયા મળી જાય છે. જ્યારે મનરેગામાં દિવસના માત્ર 202 રૂપિયા જ મળે છે, આ પણ એક મહત્ત્વનું કારણ છે.

**ઝારખંડમાં સેવા શું કરી શકે -**

○ મનરેગા અંગેની સાર્વત્રિક જાગૃતિ

○ કેવા કામ આ યોજના હેઠળ કરી શકાય અને તે માટેની આખી પ્રક્રિયાની સમજ ઊભી કરવી.

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-8-2020

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001